અપીલ અરજી નં.૨૫૭ તા.૯–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટ
સામાવાળાઃ– (૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
(૨)એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા.૧૭–૯–૦૯ ની અરજીથી (૧) પ્લોટ નં.૧૬૧ થી ૧૭૨ આશીર્વાદ નગર વડોદ સુરત. (૨) મોજે ડિંડોલી રેસ નં.૧૨૯ બ્લોક નં.૨૮૭ ડીંડોલી સુરત. (૩) ડ્રા. ટીપી નં.૪૦ વૃંદાવન નગર પ્લોટ નં.૯ લીંબાયત ડીંડોલી ફા.પ્લોટ નં.૪૯ (૪) મોજે રેસ નં.૧૩૮ ગણપતનગર બમરોલી સુરત. (૫) જલારામ નગર પ્લોટ નં.૫૧૬ ગુ.હા.બોર્ડ, પાંડેસરા, સુરત. બધા બાંધકામો પરવાનગી વગર થયેલ છે. તથા આ તમામ બાંધકામો દુર કેમ કરવામાં આવતા નથી. તે જવાબદારી કોની છે? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૯–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૫૭/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા.૧૭–૯–૦૯ ની અરજીથી (૧) પ્લોટ નં.૧૬૧ થી ૧૭૨ આશીર્વાદ નગર વડોદ સુરત. (૨) મોજે ડિંડોલી રેસ નં.૧૨૯ બ્લોક નં.૨૮૭ ડીંડોલી સુરત. (૩) ડ્રા. ટીપી નં.૪૦ વૃંદાવન નગર પ્લોટ નં.૯ લીંબાયત ડીંડોલી ફા.પ્લોટ નં.૪૯ (૪) મોજે રેસ નં.૧૩૮ ગણપતનગર બમરોલી સુરત. (૫) જલારામ નગર પ્લોટ નં.૫૧૬ ગુ.હા.બોર્ડ, પાંડેસરા, સુરત. બધા બાંધકામો પરવાનગી વગર થયેલ છે. તથા આ તમામ બાંધકામો દુર કેમ કરવામાં આવતા નથી. તે જવાબદારી કોની છે? તેની માહિતી આપવા બાબતે એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૧૮ તા.૭–૧૦–૦૯ તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં. સા.ઝોન/ટેક/૪૦૩૯ તા.૩–૧૦–૦૯ થી આપેલ માહિતી ગોળ ગોળ જવાબ આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦૪ તા.૧૮–૧૧–૦૯ થી )કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) અને એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૧૭૨ તા.૭–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, તા.૧૭–૯–૦૯ થી કાર્યપાલક ઈજનેર (સા.ઝોન ઉધના)ને તબદીલ કરેલ પત્રની નકલ, નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં૨૩૪૦ તા.૩–૧૦–૦૯ ની નોંધની નકલ, નં.સા.ઝોન/ટેક./૪૦૩૯ તા.૩–૧૦–૦૯ થી નમુના 'ઘ' માં માહિતી આપ્યાના પત્ર નકલ, સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૧ ૮ તા.૭–૧૦–૦૯ થી નમુના 'ઘ' માં માહિતી આપ્યાના પત્ર નકલ વિગેરે માહિતી પૂરી પાડેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ વિગતો પૂરી પાડેલ નથી.

અરજદારની તા.૧૭–૯–૦૯ ની અરજીથી (૧) પ્લોટ નં.૧૬૧ થી ૧૭૨ આશીર્વાદ નગર વડોદ સુરત. (૨) મોજે ડિંડોલી રેસ નં.૧૨૯ બ્લોક નં.૨૮૭ ડીંડોલી સુરત. (૩) ડ્રા. ટીપી નં.૪૦ વૃંદાવનનગર પ્લોટ નં.૯ લીંબાયત ડીંડોલી ફા.પ્લોટ નં.૪૯ (૪) મોજે રેસ નં.૧૩૮ ગણપતનગર બમરોલી સુરત. (૫) જલારામ નગર પ્લોટ નં.૫૧૬ ગુ.હા.બોર્ડ, પાંડેસરા, સુરત. બધા બાંધકામો પરવાનગી વગર થયેલ છે. તથા આ તમામ બાંધકામો દુર કેમ કરવામાં આવતા નથી. તે જવાબદારી કોની છે? તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન તરફથી મુદ્દા નં.૧,૪ અને ૫ અન્વયે પત્ર નં.સા.ઈ.ઝોન (લીંબાયત)/આ.નં.૨૧૯૯ તા.૧૭–૯–૦૯ થી કાર્યપાલક ઈજનેરશ્રી સાઉથઝોન ઉધનાને તબદીલ કરવામાં આવેલ. જયારે મુદ્દા નં.૨ અને ૩ અન્વયે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૧૮ તા.૭–૧ ૦–૦૯ થી આરટીઆઈ એકટ અંતર્ગત થયેલ કાર્યવાહીની હકીકતલક્ષી માહિતી આપવાની હોય છે ભવિષ્યમાં થનાર/ન થયેલ કામગીરીની માહિતી આપવાની રહેતી નથી જે જાણશો એક જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૪૦૩૯ તા.૩–૧૦–૦૯ થી મુદ્દા નં.૧,૪ અને ૫ અન્વયે જણાવેલ કે આરટીઆઈ એકટ અંતર્ગત થયેલ કાર્યવાહીની હકીકતલક્ષી માહિતી આપવાની હોય છે ભવિષ્યમાં થનાર/ન થયેલ કામગીરીની માહિતી આપવાની રહેતી નથી એમ જણાવેલ. અરજદારે અપીલ અરજીમાં સા.ઝોન તથા સા.ઈ.ઝોન બંને જાહેર માહિતી અધિકારી ધ્વારા ગોળ ગોળ જવાબ આપેલ છે અને મુખ્ય મુદ્દો આ ગેરકાયદેથી પરવાનગી વિનાના બાંધકામો કેમ દુર કરાયા નથી તેની માહિતી આપેલ નથી એવું અપીલ અરજીમાં જણાવેલ. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

અરજદારની અરજી તથા તે અંગે બન્ને જાહેર માહિતી અધિકારી અનુક્રમે લીંબાયતઝોન તથા ઉધનાઝોન તરફથી બાંધકામો બાબતે જવાબદારી કોની છે. તેની વિગત આપવામાં આવેલ જણાતી નથી. આરટીઆઈની કલમ–૪ હેઠળ

જાહેર સત્તા મંડળના અધિકારીની ફરજો અને જવાબદારીની વિગત પણ જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવે છે. વધુમાં અરજદારે બાંધકામો કેમ દુર કરતા નથી? તેની માહિતી માંગેલ છે. આરટીઆઈ એકટની આમુખમાં થયેલ જોગવાઈ ધ્યાને લેતાં જવાબદારી અને પારદર્શિતા પરત્વે ભાર મુકવામાં આવેલ છે. તે ધ્યાને લેતાં અરજીમાં નિર્દિષ્ટ બાબતોએ કોઈ કાર્યવાહી થયેલ હોય તો તેની વિગતો અને ન થયેલ હોય તો તે મુજબની માહિતી આપવા પાત્ર થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે કામગીરી માટે જવાબદાર અધિકારી/કર્મચારીની માહિતી તથા આ બાબતે થયેલ કે નહી થયેલ કાર્યવાહીને લગતી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશનર(જનરલ),**<br>
**અને એપેલેટ ઓફિસર**<br>
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) )કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)તથા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,